ખેડબ્રહ્મામાં પ્રેમ સબંધમાં યુવતી ભાગી જતાં કોન્ટ્રાક્ટરના મકાનમાં તોડફોડ

વાહન, ફર્નિચરનો ભૂક્કો બોલાવ્યો, ૨.૩૦ લાખથી વધુનું નુકસાન : ૧૬ આરોપીઓ સામે ગુનો નોંધાયો : ભત્રીજા સાથે યુવતી ભાગી જતાં કકાના મકાનમાં રસ કાઢી : મકાનમાં તોડફોડની ઘટના સી.સી.ટીવીમાં કેદ



બાયડ બ્યુરો ઓફિસ), તા. ૨૮

ખેડબ્રહ્મામાં પ્રેમ સબંધ બંધાયેલા યુવક યુવતી ભાગી ગયા પછી ઉશ્કેરાયેલા યુવતી પક્ષના ટોળાએ યુવકના કાકાના મકાનમાં હુમલો કરી વાહનો તેમજ ફર્નિચરનો ભુક્કો બોલાવતાં ભયનો માહોલ ઉભો થયો હતો. ઉશ્કેરાયેલા ટોળાએ લાકડીઓ તેમજ લોખંડની પાઈપથી હલ્લાબોલ કરી મકાનમાં ૨.૩૦ લાખથી વધુનું નુકસાન પહોંચાડી ધમકીઓ ઉચ્ચારતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ ૧૬ જણના ટોળા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ખેડબ્રહ્માના નાગણેશ્વરી પેટ્રોલ પંપ પાછળ રહેતા અને કોન્ટ્રાક્ટરનો વ્યવસાય કરતા સુરેશ અંબાલાલ વણઝારાએ આપેલી પોલીસ રૂરિયાદ મુજબ તેમના કાકાનો દિકરો અશોક આજ વિસ્તારના ગીતાબેન કેશાજી વણઝારાની પુત્રી જ્યોત્સના સાથે પ્રેમ સંબંધ હોવાથી બંને જણ તાજેતરમાં ઘરેથી ભાગી ગયો છે. દરમ્યાન તા,૨૫ના રોજ યુવતી ભાગી જવા મળે ઉશ્કેરાયેલા ટોળાએ એક સંપ થઈ લાકડીનો તેમજ લોખંડથી પાઈપ સાથે સુરેશભાઈ વણઝારાના મકાનમાં ધસી આવી ૩ બાઈક, ૧ એક્ટિવા, એલ.ઈડી. ટીવી, તિજોરીબાટ, એ.સી., દરવાજા તેમજ અન્ય ફર્નિચરની તોડફોડ કરી હતી, ઉશ્કેરાયેલા ટોળાએ જાનથી મારી નાખવાની પણ ધમકી આપતો ઢોળાની ખાકમકતાથી પરિવાર કુકડી ઉઠયો છે. હુમલાની સમગ્ર ઘટના સીસીટીવી ફૂટેજમાં કેદ થયા પછી પણ પોલીસ દ્વારા કેટલાક આરોપીઓને છાવરવામાં આવતા હોવાના આક્ષેપ થયા છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હુમલાના આરોપી...

ગીતાબેન કેશાજી વણઝારા, પોખરાજ મોહનભાઈ વણઝારા
અશોક મોહનભાઈ વણઝારા, મદભાઈ કેશાજી વણઝારા
જગદીશ બાબુ વણઝારા, તારાચંદ પ્રભુજી વણઝારા
ભયાભાઈ જશાજી વણઝારા, લક્ષમણ મૂળજીભાઈ વણઝારા
ચેતન લક્ષમણ વણઝારા, વિપુલ શંકરભાઈ વણઝારા
આશાબેન જગદીશભાઈ સોલંકી, તરુણાબેન મોહનભાઈ સોલંકી
રુપાભાઈ જીતભાઈ વણઝારા, હીરાબેન ગલજી વણઝારા
નર્મદાબેન ભીમાજી વણઝારા, મીનાબેન મંગળભાઈ વણઝારા.

પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા આવેદનપત્ર આપ્યુ

ધંધુકા મુકામે હિન્દુ યુવાની જાહેરમાં હત્યાને લઈને આવેદનપત્ર આપ્યુ : સુત્રોચ્ચાર સાથે વિરોધ દર્શાવી પ્રાંન્ત કચેરી ખાતે આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા તાજેતરમાજ કિશન ભરવાડની હત્યાને લઈ ને આવેદનપત્ર આપ્યુ. ધંધુકા મુકામે હિન્દુ યુવાન કિશન ભરવાડની જાહેરમાં ફાયરીંગ કરી હત્યા કરનાર વિધર્મીઓ ની સંડોવાયેલા હોય અને તેવોની તાત્કાલિક ધોરણે ધરપકડ કરી સમાજ મા દાખલો બેસે તેવી કડકમાકડક સજા કરવામા આવે અને ભવિષ્ય મા આવા પ્રકાર ના કૃત્યો ફરીવાર ના બને તે માટે કડકમાકડક પગલા ભરી કાર્યદેસર ની કાર્યવાહી કરી ને યોગ્ય પગલા લેવા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા પ્રાંતિજ પ્રાન્ત કચેરી ખાતે આવીને પ્રાન્ત કચેરી ના શિરસ્તેદાર બી.કે.શાહ ને આવેદનપત્ર આપીને આરોપીઓને કડક મા કડક સજા થાય તે માટે રજુઆતો કરી હતી તો આ પ્રસંગે મેહુલ સિંહ ઝાલા, ગોવિદભાઈ પટેલ, ભગવતીબેન પટેલ, પ્રસારાજા, સંદિપ શાહ સહિત વિશ્વ હિન્દ પરિષદ તથા બજરંગ દળ ના કાર્યકરો ઉપસ્થિત રહીને આવેદનપત્ર આપ્યુ હતુ.

જન્મદિને વધામણી

ભાવેશ નટુભાઈ પટેલ
રડોદરા તા બાયડ

સંજય કુમાર ભીખાભાઈ પટેલ
ગિરિરાજ પ્રાથમિક શાળા
બાયડ જીલ્લો અરવલ્લી

નિમેષભાઈ પટેલ
ગણેશ ઓટો એજન્સી,
બાયડ
ધનસુરા

શામળાજી મેશ્વો ડેમમાંથી ઈજનેરી છાત્રનો મૃતદેહ મળ્યો

અમદાવાદથી માર્કશીટ લેવા આવ્યા બાદ ગુમ હતો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

અમદાવાદના વટવા વિસ્તારમાંથી મોડાસાની ઈજનેરી કોલેજમાં માર્કશીટ લેવા માટે આવેલો ૨૧ વર્ષિય યુવાન ગુમ થયા બાદ ગત રોજ તેનો મૃતદેહ શામળાજી મેશ્વો ડેમના પાણીમાંથી મળી આવતાં ચકચાર મચી છે. યુવકે પરિણામથી આત્મહત્યા કરી છે કે પછી કોઈ અગમ્ય કારણોસર પાણીમાં ડૂબી જતાં મોતને ભેટ્યો છે..?? વગેરે સવાલો પોલીસ માટે તપાસનો વિષય બન્યો છે. બનાવ અંગે શામળાજી પોલીસે એડી નોંધી તપાસ શરુ કરી

પ્રાપ્ત જાણકારી મુજબ અમદાવાદના વટવા વિસ્તારમાં રહેતા સંજયભાઈ કુશવાહાનો પુત્ર નિરજ તા.૧૭ના રોજ અમદાવાદથી ઈજનેરી કોલેજમાં માર્કશીટ લેવા માટે મોડાસા આવ્યો હતો. જ્યાં આવ્યા પછી તે રહસ્યમય રીતે ગુમ થતાં પરિવાર દ્વારા તેની શોધખોળ કરવામાં આવી હતી દરમ્યાન ગત રોજ શામળાજીના મેશ્વો ડેમના પાણીમાં સામેરા નજીકથી તેનો મૃતદેહ મળી આવતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. જ્યાં પ્રાથમિક તપાસમાં તા.૧૮ જાન્યુઆરીએ સદર યુવાન કોલેજનું પરિણામ લેવા આવ્યા પછી ગુમ થયો હોવાનું જણાઈ આવતાં તાબડતોબ પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા મૃતકની લાશને પાણીમાંથી બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપવામાં આવી હતી. યુવક અજાણતાં ડેમના પાણીમાં પડી મોતને ભેટ્યો છે કે પછી કોઈ કારણસર ડેમમાં કૂદી આત્મહત્યા કરી છે..?? વગેરે સવાલોની તપાસ શરુ કરવામાં આવી છે. બનાવ અંગે ધીરજકુમાર લક્ષ્મીનારાયણ કુશવાહાની ફરિયાદના આધારે શામળાજી પોલીસે ધોરણસરની કાર્યવાહી શરુ કરી છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન
મહાદાન

ધાનેરાની બાપલા હાઈસ્કૂલમાં ૭૩માં ગણતંત્ર દિવસની ઉજવણી

ધાનેરા તા.૨૮

ધાનેરા તાલુકાની બાપલા માં આવેલ શ્રી મહર્ષિકણ્વ અભિનવ વિદ્યાલય માં ૭૩ માં ગણતંત્ર દિવસ નિમિતે વાછોલ ના યુવા સરપંચ શ્રી નરશીભાઈ દ્વારા રાષ્ટ્રધ્વજ ને સલામી આપી વંદે માતરમ, રાષ્ટ્રગીત,ઝંડા ગીત અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, કાર્યક્રમના પ્રમુખ સ્થાને વાછોલ ના યુવા સરપંચ દ્વારા પ્રવચન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ધાનેરા માર્કેટ યાર્ડ ના ડિરેક્ટર અને બાપલા સેવા સહકારી મંડળીના મંત્રી મોનાભાઇ પટેલ, બાપલા દૂધ મંડળી ના મંત્રી શ્રી મફાભાઈ પટેલ વક્તાપુરા ના વસંતસિહ રાજપૂત નમસ્કાર મંડળી પાંથાવાડાના મેનેજર ખેમરાજભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. હાઈસ્કૂલ ના આચાર્ય શ્રી શંકરભાઈ પટેલ ધ્વરા ઉપરોક્ત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ આભાર વિધિ શાળાના શિક્ષક શ્રી તાવીયાડ ધ્વારા કરવામાં આવી હતી.

ધાનેરામાં પ્રજાસત્તાક દિન નિમિત્તે અકબરી એજ્યુકેશન સેવા ટ્રસ્ટના ઉપપ્રમુખ દ્વારા બ્લડ કેમ્પ યોજાયો

ધાનેરા તા. ૨૮

ધાનેરામાં અકબરી એજ્યુકેશન સેવા ટ્રસ્ટ નામની સેવાભાવી સંસ્થા દ્વારા અવાર-નવાર સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.

જેમા ટ્રસ્ટ ના ઉપપ્રમુખ અને સિપાઈ મુસ્લિમના પ્રમુખ ઈકબાલખાન અલ્લારખાન બેલીમ અને ટ્રસ્ટના કાર્યકર સોહેલભાઈ મેમણના માર્ગદર્શન હેઠળ દર વર્ષે બ્લડ ડોનેટ કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે પણ ધાનેરાની વ્હાઈટ ક્રોસ વોલન્ટરી બ્લડ બેંકના ડોક્ટર દિપકભાઈ પ્રજાપતિ અને તેમના સ્ટાફના સહયોગથી લાધાપુરા વિસ્તારમાં બ્લડ ડોનેટ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

જેમા ટ્રસ્ટના પ્રમુખ ઈકબાલખાનની સમજાવટથી અનેક યુવાનોએ બ્લડ ડોનેટ કરીને માનવતાના દર્શન કરાવ્યા હતા .અને વ્હાઈટ ક્રોસ વોલન્ટરી બ્લડ બેંક દ્વારા તમામ રકતદાતાઓને પ્રમાણપત્ર અને ગીફ્ટ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કુલ ૩૪ રક્તની બોટલો એકઠી કરવામાં આવી હતી આજના સમયમાં અનેક લોકો અકસ્માતે કે ઈમરજન્સીના સમયે સમયસર રકતના મળવાના કારણે અનેક લોકો પોતાની જીવ ખોઈ રહ્યા છે ત્યારે આવા રકતદાનના કેમ્પો યોજીને એકબીજાને મદદરૂપ થવું જોઈએ અંતે કેમ્પમાં સહયોગ આપનાર તમામ દાતાઓનો સોહેલભાઈ મેમણે આભાર વ્યક્ત કર્યો હતો.

તક્ષશિલા વિદ્યા કેમ્પસ બાયડ મા પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તેમજ તક્ષશિલા ગુરુકુલમ મા ૭૩ મા પ્રજાસત્તાક દિન ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી જેમાં કોરોના વોરિયર્સ તરીકે ઉત્તમ કામગીરી કરનાર બાયડ સામુહિક કેન્દ્ર ના મુખ્ય તબીબી અધ્યક્ષ શ્રી ડૉ. જતીનભાઈ દવે સાહેબ ના શુભ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ પટેલ સાહેબ મુખ્ય મહેમાન શ્રી નું સાલ ઓઢળી સ્વાગત કર્યું હતું આ પ્રસંગે પૂર્વ તાલુકા સદસ્ય અને ચોઈલા ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી મફતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે પ્રાર્થના અને સ્વાગત ગીત જેવા કાર્યક્રમ રાખ્યા હતા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ સાહેબે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું સંસ્થા ના તમામ પદાધિકારી ઓ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થી ભાઈ બહેનો ઉત્સાહ પૂર્વક આ કાર્યક્રમ મા જોડાયા હતા

સારસ્વત હાઈસ્કુલ બાયડમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

સારસ્વત હાઈસ્કુલ-બાયડમાં તા.૨૬ જાન્યુઆરીએ રાષ્ટ્રના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી. શાળાના શિક્ષક ભદ્રેશભાઈ વ્યાસે તિરંગો લહેરાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત લાયન્સ-લીઓ કલબ-બાયડ દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સમીરભાઈ મિરઝાની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન થયું હતું. આચાર્ય આરીફભાઈ મિરઝા તથા સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

મોટાકોટડા સરપંચ શ્રીના વરદ હસ્તે ધ્વજ વંદન કાર્યક્રમ

બાયડ, તા. ૨૮

પ્રજાસત્તાક દિન ૨૬મી જાન્યુઆરીએ મોટાકોટડા મુકામે નવા ચૂંટાયેલા સરપંચ શ્રીમતી કોકીલાબેન જગુભાઈ પટેલના વરદ હસ્તે મોટાકોટડા .ગ્રુપ ગ્રામ પંચાયત, ડી .કે વ્યાસ હાઈસ્કૂલ તેમજ પ્રાથમિક શાળા મોટા કોટડા ત્રણ સંસ્થાઓમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો અત્રે જણાવતા આનંદ થાય છે કે એક મહિલા સરપંચ તરીકે સૌનો સાથ સૌના સહકારથી સરપંચ શ્રી ઉપસ્થિત હતા પંચાયતના વિકાસના કામોમાં ગ્રામ સફાઈ.. વીજળી પાણી. આરોગ્ય અને શિક્ષણ પ્રાથમિકતા થી કામ કરીશું અને રાષ્ટ્રની ઉન્નતિ માં આગળ વધીશું ગરીબલક્ષી કામોમાં સંપૂર્ણ સહકાર રહેશે તેવું જણાવ્યું હતું સાથે સાથે પ્રાથમિક શાળામાંદીકરી ને સલામ દેશ કે નામ અંતર્ગત પરમાર જીકુબેન રમેશભાઈ ગામ ની સૌથી શ્રેષ્ઠ ભણેલી દીકરી નું પણ અહીંયા પ્રમાણપત્ર અને સન્માન કરવામાં આવ્યું એ પણ ગામના ગૌરવની વાત છે બંને શૈક્ષણિક સંસ્થાના આચાર્યશ્રીઓ નરેન્દ્રભાઈ પટેલ અને મહેશભાઈ પટેલ સરપંચ શ્રી નો ધ્વજ વંદન કાર્યક્રમ નિમિત્તે આભાર વ્યક્ત કર્યો હતો

બાયડ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદાર નિમાયા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

બાયડ તાલુકા નિવૃત્ત કર્મચારી ચેરીટેબલ ટ્રસ્ટ-બાયડની કારોબારી બેઠક ધુળાભાઈ પૂંજાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ જેમાં નવા હોદેદારોની વરણી કરવામાં આવી. પ્રમુખ રમણભાઈ કેશરભાઈ પટેલ(બાયડ), મંત્રી નાનાભાઈ રણછોડભાઈ નાયી(બોરમઠ), ઉપપ્રમુખ જશુભાઈ ર. પટેલ, ગોવિંદભાઈ વી. પરમાર, સહમંત્રી મહેન્દ્રભાઈ જે. પટેલ, બાબરભાઈ લ. પરમાર, સંગઠન મંત્રી મગનભાઈ પ્રભુદાસ પટેલ, ઓડીટર વિજયસિંહ બી. સોલંકી, જીવણભાઈ ગો. પટેલની વરણી કરવામાં આવી હતી.

ઠાકોર શ્રી ગોપાલ સિંહજી શ્રેયસ વિદ્યા. વડાગામ તા. ધનસુરા ખાતે ૭૩ માં પ્રજાસતાક પર્વની ઉજવણી નીમિત્તે સરકાર શ્રી ની ગાઈડ લાઈન મુજબ ઉજવણી કરવામાં આવી આ પ્રસગે કેળવણી મંડળ ના મંત્રી શ્રી લીનેશભાઈ શાહ ટ્રસ્ટી શ્રી ભાવેશભાઈ ગોર સહમંત્રી શ્રી ભીખાભાઈ ગોર,હીરાભાઈ પટેલ , ધીરૂભાઇ પરમાર તથા કેળવણી મંડળ ના સભ્યો અને ગામજનો ની હાજરી મા કાર્યકમ સંપન્ન થયો શાળાની તેજસ્વી વિદ્યાર્થીની વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે કેળવણી મંડળ ના પ્રમુખ શ્રી દિલીપસિંહજી પરમાર તથા ટ્રસ્ટી શ્રી ઠાકોરસાહેબ હમીરસિંહજી, ઉપપ્રમુખ શ્રી વી. પી ગોર એ શુભેચ્છા પાઠવી સમગ્ર કાર્યકમનું સંચાલન શાળાના આચાર્ય શ્રી જી.એસ.ચંપાવત દ્વારા કરવામાં આવેલ હતું.

સઢા પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિન ઉજવાયો...

ગાંભોઈ તા.૨૮

હિંમતનગર તાલુકાની સઢા પ્રાથમિક શાળામાં ૭૩માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ હતી. જેમાં સઢા ગ્રામપંચાયતના સરપંચ ભાવનાબેન રાજેન્દ્રસિંહ રાઠોડના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. આ પ્રસંગે ડેપ્યુટી સરપંચ ચેતનાબેન વણકર, શાળા પરિવાર તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.